| |
|---|
| ખુબ અગત્યનું |
| સમયમર્યાદા |

ક્રમાંક:મઉમશબ/ચૂંટણી-૨૦૨૧/૪૦૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૦/૦૯/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રીઓ,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
તમામ,
ગુજરાત રાજય.

વિષય :- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સામાન્ય ચૂંટણી – ૨૦૨૧ મતદાન માટે મતદારોને આપવાના પ્રમાણપત્ર બાબત.

સંદર્ભ :- (૧) તા.૧૮/૦૯/૨૦૨૧ ની મતદાર યાદીમાંથી નામ રદ કરવા અંગેની જાહેર નોટીસ.
(૨) તા.૨૦/૦૯/૨૦૨૧ ના રોજ પ્રસિધ્ધ થયેલ જાહેરનામાની નકલ

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, સંદર્ભ પત્રથી અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૨૦/૦૯/૨૦૨૧ ના ગુજરાત સમાચાર પત્રમાં પ્રસિધ્ધ થયેલ જાહેર નોટીસના અનુસંધાને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ–૧૯૭૨ ની કલમ–૩(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોના ખંડ–(૧), ખંડ–(૨), ખંડ–(૩), ખંડ–(૫), ખંડ–(૬), ખંડ–(૮) અને ખંડ-(૯) માં નિર્દેશ કરેલ સંવર્ગોના સભ્યો મતદાર યાદીઓમાં મતદાર તરીકે નોંધાયેલ સભ્યોના અવસાન, નિવૃત્તિ, રાજીનામા કે અન્ય કોઈ કારણસર જે તે સંવર્ગનો હોદ્દો મતદાનની તારીખે ધરાવતા ન હોય તેવી કોઈ પણ વ્યક્તિ મતદાન માટે પાત્ર ગણાશે નહિ અને આવા મતદારોએ મતદાન કરવું તે બિન-અધિકૃત ગણાશે. ઉક્ત બાબત ધ્યાને લઈને આપની શાળામાંથી બોર્ડની સામાન્ય ચૂંટણી – ૨૦૨૧ માટે ખંડ–(૧), ખંડ–(૨), ખંડ–(૩), ખંડ–(૫), ખંડ–(૬), ખંડ–(૮) અને ખંડ-(૯) માં મતદાર તરીકે નોંધાયેલ કર્મચારીઓ અને હોદ્દેદારો મતદાનની તારીખે તેઓનો હોદ્દો ધરાવે છે. તે બાબત માટે મતદાન કરવા માટે આ સાથે સામેલ નમૂના – ખ મુજબનું પ્રમાણપત્ર શાળામાંથી નોંધાયેલ અને કાર્યરત મતદારો માટે સંયુક્ત અથવા વ્યક્તિગત રીતે આપવાનું રહેશે. મતદાન માટે જનાર મતદારોએ ઉક્ત પ્રમાણપત્રની સ્વયં પ્રમાણિત નકલ અથવા અસલ પ્રમાણપત્ર અને નીચે દર્શાવ્યા મુજબના કોઈ પણ એક ઓળખપત્ર સાથે મતદાન

મથકે મતદાન માટે પ્રવેશ મેળવી શકશે. તેની જાણ લાગતા વળગતા મતદાનની પાત્રતા ધરાવતા મતદારોને કરવાની રહેશે.

<u>મતદાન માટે નોંધાયેલ મતદારોએ શાળાના આચાર્ય અને સંચાલકના સંયુક્ત રીતે આપેલ પ્રમાણપત્ર (નમૂનો-ખ) સાથે રજૂ કરવાના ઓળખપત્રની વિગત :-</u>

(૧) ભારત સરકાર દ્વારા આપવામાં આવેલ ચૂંટણી કાર્ડ અથવા

(૨) ભારત સરકાર દ્વારા આપવામાં આવેલ આધાર કાર્ડ અથવા

(3) વાહન ચલાવવાનો પરવાનો. (લાઈસન્સ) અથવા

(૪) પાનકાર્ડ અથવા

(૫) રાજય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલ ફોટા સહિતનું ઓળખપત્ર અથવા

(૬) પાસપોર્ટ અથવા

(૭) શાળાના સંચાલક મંડળ અને શાળાના આચાર્યશ્રી દ્વારા સંયુક્ત રીતે શાળા મુખત્યાર પત્ર (લેટર હેડ) પર આપવામાં આવેલ ફોટા સહિતનું ઓળખપત્ર.

<u>બિડાણ :-</u>

- તા.૨૦/૦૯/૨૦૨૧ ના રોજ પ્રસિધ્ધ થયેલ જાહેરનામાની નકલ
- નમૂનો - ખ

(ડી. એસ. પટેલ)
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

<u>નકલ રવાના જરૂરી કાર્યવાહી સારૂ :-</u>

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ, ગુજરાત રાજય

<u>નકલ રવાના જાણ સારૂ :-</u>

- બોર્ડની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ ના હરીફ ઉમેદવારો

# પ્રમાણપત્ર

**નમૂનો - ખ**

શાળાનું નામ : ..........................................................................................................

જિલ્લો :- ........................................

| ક્રમ | કર્મચારી / મતદારનું નામ | મતદારનો મતવિભાગનો ખંડ | મતદારનો સંવર્ગ | જિલ્લાની મતદાર યાદીમાંનો મતદારનો ક્રમ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

તા.૧૮/૦૯/૨૦૨૧ ના રોજ અધ્યક્ષ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા પ્રસિધ્ધ થયેલ જાહેર નોટીસ મુજબ બોર્ડની સામાન્ય ચૂંટણી – ૨૦૨૧ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૩(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોના ખંડ-(૧), ખંડ-(૨), ખંડ-(૩), ખંડ-(૫), ખંડ-(૬), ખંડ-(૮) અને ખંડ-(૯) માં નિર્દેશ કરેલ સંવર્ગોના સભ્યો મતદાર યાદીઓમાં મતદાર તરીકે નોંધાયેલ સભ્યોના અવસાન, નિવૃત્તિ, રાજીનામા કે અન્ય કોઈ કારણસર જે તે સંવર્ગનો હોદ્દો મતદાનની તારીખે ધરાવતા ન હોય તેવી કોઈ પણ વ્યક્તિ મતદાન માટે પાત્ર ગણાશે નહિ અને આવા મતદારોએ મતદાન કરવું તે બિન-અધિકૃત ગણાશે તે જાણું છું. જેથી ઉપરના ક્રમ ............ થી ............... માં દર્શાવેલ વિગતના મતદારો અમારી શાળા દ્વારા મતદાર તરીકે નોંધાયેલ છે. આ તમામ કર્મચારીઓ અને હોદ્દેદારો તા.૨૪/૦૯/૨૦૨૧ સ્થિતિએ તેઓના હોદ્દા ઉપર કાર્યરત છે. તે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

નોંધ :- દરેક મતદારોએ તેઓની ઓળખના પુરાવા માટે રાજય / કેન્દ્ર સરકારના માન્ય ફોટા આઈ.ડી કાર્ડ (ઓળખપત્ર) અને આ પ્રમાણપત્ર મતદાન મથકના અધિકારી સમક્ષ રજૂ કરવાનું રહેશે.

શાળાના આચાર્યશ્રીના સહિ અને સિક્કા

શાળા સંચાલક મંડળના સહિ અને સિક્કા

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette


## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXII] MONDAY, 20th SEPTEMBER, 2021/BHADRA 29, 1943 [No. 64**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**


## PART-II EXTRAORDINARY

### ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સામાન્ય ચૂંટણી-૨૦૨૧**
**મતદાર-યાદીમાંથી નામ રદ કરવા અંગેની જાહેર નોટીસ**

ક્રમાંક : મઉમશબ/ચૂંટણી-૨૦૨૧/ચૂંટણી/૩૯૯/૨૦૨૧.-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૩(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોના ખંડ(૧), ખંડ(૨), ખંડ(૩), ખંડ(૫), ખંડ(૬), ખંડ(૮) અને ખંડ-(૯) માં નિર્દેશ કરેલ સંવર્ગોના સભ્યોની સામાન્ય ચૂંટણી તા. ૨૫-૦૯-૨૦૨૧ ને શનિવારના રોજ સવારે ૦૮-૦૦ કલાકથી સાંજના ૦૫-૦૦ કલાક દરમિયાન યોજાનાર છે. સંવર્ગવાર મતદાર યાદીઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ના વિનિયમ-૫ ના પરિશિષ્ટ-અ માં નિયત થયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમોના નિયમ-૩(૧) હેઠળ આખરી મતદાર યાદીની પ્રસિધ્ધિ અને ચૂંટણીના વિવિધ તબક્કાઓનું જાહેરનામુ તા. ૧૫-૦૩-૨૦૨૧ ના જાહેરનામાથી પ્રસિધ્ધ કરવામાં આવેલ.

COVID-19 ની પરિસ્થિતિને ધ્યાને લઈને અગાઉ જાહેર થયેલ ચૂંટણીના વિવિધ તબક્કાઓ પૈકી જે તબક્કાઓની પ્રક્રિયા બાકી હતી તે ચૂંટણી પ્રક્રિયા તા. ૧૫-૦૪-૨૦૨૧ ના જાહેરનામાંથી મોકૂફ રાખવામાં આવેલ. COVID-19 ની સામાન્ય થતી પરિસ્થિતિ ધ્યાને લેતાં તા. ૦૭-૦૯-૨૦૨૧ ના જાહેરનામાંથી મોકૂફ રહેલા ચૂંટણીના તબક્કાઓ યોજવાની તારીખો નવેસરથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. મતદાર યાદીની પ્રસિધ્ધિ બાદ ચૂંટણી પ્રક્રિયા અગાઉ નિયત થયેલા સમય મુજબ COVID-19 ના પરિણામે થયેલ ન હોઈ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની ક્લમ-૩(૨) હેઠળ વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોના સંવર્ગની મતદાર યાદીઓમાં મતદાર તરીકે નોંધાયેલ વ્યક્તિઓના અવસાન, નિવૃત્તિ, રાજીનામા કે અન્ય કોઈ કારણસર જે તે સંવર્ગનો હોદ્દો મતદાનની તારીખે ધરાવતા ન હોય તેવી કોઈ પણ વ્યક્તિ મતદાન માટે પાત્ર ગણાશે નહિ અને આવા મતદારોએ મતદાન કરવું તે બિન-અધિકૃત ગણાશે. જેની નોંધ સંબંધિત માધ્યમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા સાથે જોડાયેલા લાગતા વળગતા વિવિધ સંવર્ગના મતદારોએ લેવાની રહેશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૮-૦૯-૨૦૨૧

એ. જે. શાહ
અધ્યક્ષ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.